પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૪૭ | ૧ માર્ચ, ૨૦૨૩, બુધવાર; ફાગણ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦


# હવે, ધો. ૧થી ૮માં 'ગુજરાતી' ફરજિયાત

## વિધાનસભામાં ગુજરાતી શિક્ષણ બાબત વિધેયક પસાર : કાયદાની જોગવાઇઓનો ભંગ કરનાર શાળા સંચાલકોને રૂ.૨ લાખ સુધીનો દંડ અને શાળાઓની માન્યતા રદ કરવા જેવા કડક પગલા લેવાની પણ જોગવાઇ કરાઇ

ગાંધીનગર, તા.૨૮

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને માતૃભાષા-ગુજરાતી ફરજીયાત ભણાવવામાં આવે છે તે સુનિશ્ચિત કરવા માટે 'ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક, ૨૦૨૩' તૈયાર કરવામાં આવ્યુ છે. રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં ધોરણ ૧ થી ૮ સુધી ગુજરાતી ભાષાનું શિક્ષણ ફરજિયાત આપવાની જોગવાઈ આ વિધેયકમાં કરવામાં આવી છે, જેમાં રાજ્ય સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત પાઠ્યપુસ્તક ભણાવવાના રહેશે. આ કાયદાની જોગવાઈઓનો ભંગ કરનાર શાળા સંચાલકોને દંડ ફટકારવાની અને આવી પ્રવૃતિના ત્રણ ઉલ્લંઘનના કિસ્સામાં રાજ્યની બિન-સહાયિત શાળાઓને અપાયેલી માન્યતા રદ કરવા જેવા કડક પગલા લેવાની પણ જોગવાઈઓ આ કાયદામાં કરવામાં આવી છે, તેમ શિક્ષણ મંત્રી શ્રી ડૉ.કુબેરભાઇ ડિંડોરે જણાવ્યુ હતું.

શિક્ષણમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યુ હતું કે, ગુજરાતી ભાષા ગુજરાતની સત્તાવાર ભાષા હોવા છતાં કેટલીક શાળાઓમાં ગુજરાતી ભાષાને એક વિષય તરીકે પણ શીખવવામાં આવતી નથી, જેને કારણે રાજયના રહેવાસીઓ તેમની સત્તાવાર ભાષાથી વંચિત રહે છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે તા.૧૩/૦૪/૨૦૧૮ ના રોજ ઠરાવ કરી રાજ્યની ગુજરાતી માધ્યમ સિવાયની તમામ શાળાઓમાં વર્ષ ૨૦૧૮માં ધોરણ-૧ અને ૨, વર્ષ ૨૦૧૯માં ધોરણ-૩, વર્ષ ૨૦૨૦માં ધોરણ-૪, તે રીતે ક્રમશઃ ધોરણ ૮ સુધી ગુજરાતી ભાષા શિક્ષણનો ફરજિયાત અમલ કરવા આદેશ કર્યો હતો. આ ઠરાવ મુજબ કોઈ પણ બોર્ડ સાથે સંલગ્ન ગુજરાતી માધ્યમની શાળાઓ સિવાયની તમામ શાળાઓને ફરજિયાત વિષય તરીકે ગુજરાતી ભાષા શીખવવાની જોગવાઈ કરવામાં આવી હોવા છતાં એવું જોવા મળ્યું હતું કે કેટલીક શાળાઓ ઠરાવને અનુસરતી નથી. જેને પરિણામે કડક જોગવાઈઓ સાથેનો કાયદો લાવવો જરૂરી હતો.

તેમણે કહ્યુ કે, ભારતીય બંધારણની આઠમી અનુસૂચીમાં ૨૨ ભાષાઓને માન્યતા આપવામાં આવી છે, ગુજરાતી ભાષા તે પૈકીની એક છે. ગુજરાતી સમૃદ્ધ અને વધુ અભિવ્યક્તિ વૈભવ ધરાવનારી ભાષા છે, જેમાં

● અનુસંધાન પાન-૭ પર

### ગુજરાતી ભાષાના બિલની જોગવાઇઓ

- પ્રથમ વખત નિયમના ભંગ બાદ રૂ. ૫૦,૦૦૦નો દંડ
- બીજી વખત નિયમના ભંગ બાદ રૂ. ૧,૦૦,૦૦૦નો દંડ
- ત્રીજી વખત નિયમના ભંગ બાદ રૂ. ૨,૦૦,૦૦૦નો દંડ
- ત્રણથી વધુ વખત ભંગ થશે તો શૈક્ષણિક સંસ્થાની માન્યતા રદ
- રાજ્યના પ્રત્યેક બોર્ડ અને સ્કૂલને કાયદો લાગુ કરાશે
- વિધેયકના નિયમો પ્રમાણે દંડ ઉપરાંત સજાની પણ જોગવાઈ
- કાયદાનો અમલ માટે નાયબ નિયામકની નિમણૂક
- ગુજરાત બોર્ડ ઉપરાંત તમામ બોર્ડમાં ગુજરાતી ફરજીયાત છે
- CBSEની સ્કૂલો અને કેન્દ્રીય સ્કૂલોનો પણ સમાવેશ

## મનીષ સિસોદિયા અને સત્યેન્દ્ર જૈનનાં રાજીનામા : કેજરીવાલ દ્વારા સ્વિકાર

### દિલ્હીની કેજરીવાલ સરકાર પર આફત : દિલ્હી એક્સાઇઝ પોલિસીના અમલીકરણમાં ભ્રષ્ટાચારના સંબંધમાં કાર્યવાહી થતાં બન્ને નેતાઓના રાજીનામા

નવી દિલ્હી, તા.૨૮

મનીષ સિસોદિયા અને સત્યેન્દ્ર જૈને રાજીનામું આપી દીધું છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે બંનેના રાજીનામાનો સ્વીકાર કરી લીધો છે. મનીષ સિસોદિયા અને સત્યેન્દ્ર જૈન જેલમાં છે. સોમવારે મનીષ સિસોદિયાને ૪ માર્ચ સુધી સીબીઆઈ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. તેઓ દિલ્હીના ડેપ્યુટી સીએમ પદ પર હતા. સત્યેન્દ્ર જૈન મની લોન્ડરિંગ કેસમાં પહેલાથી જ જેલમાં છે. સત્યેન્દ્ર આરોગ્ય મંત્રી હતા. બંનેના અચાનક રાજીનામાના સમાચારથી ખળભળાટ મચી ગયો છે. કોઈને આની અપેક્ષા નહોતી. આ બંને આમ આદમી પાર્ટીના મોટા નેતા છે. સિસોદિયાની ૨૦૨૧-૨૨ માટે દિલ્હી એક્સાઈઝ પોલિસીના અમલીકરણમાં ભ્રષ્ટાચારના સંબંધમાં રવિવારે ધરપકડ કરવામાં આવી હતી. સોમવારે દિલ્હીની એક કોર્ટે તેમને આ કેસમાં પાંચ દિવસની સીબીઆઈ કસ્ટડીમાં મોકલી દીધા હતા. મનીષ સિસોદિયાની સાથે સત્યેન્દ્ર જૈનના

● અનુસંધાન પાન-૭ પર

## અવંતીપોરામાં સેના સાથેના એન્કાઉન્ટરમાં આતંકી ઠાર

### કાશ્મીરી પંડિતની હત્યાના એક દિવસ બાદ વળતો પ્રહાર : એક આતંકી ફસાયેલો છે, હજુ આતંકીનો મૃતદેહ મળ્યો નથી

શ્રીનગર, તા.૨૮

જમ્મુ અને કાશ્મીરના પુલવામામાં આતંકવાદીઓ દ્વારા એક કાશ્મીરી પંડિતની હત્યા કર્યાના એક દિવસ બાદ સુરક્ષા દળોએ આજે વહેલી સવારે જિલ્લાના અવંતીપોરા વિસ્તારમાં એક્કાઉન્ટર દરમિયાન એક આતંકવાદીને ઠાર કર્યો હતો. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ એક આતંકી હજુ પણ ત્યાં ફસાયેલો છે. કાશ્મીર ઝોન પોલીસે જણાવ્યું કે એક્કાઉન્ટર પુલવામા જિલ્લાના પદગામપોરા અવંતીપોરામાં શરૂ થયું છે. જમ્મુ-કાશ્મીર પોલીસે આતંકવાદીઓ વિરુદ્ધના ઓપરેશન વિશે અપડેટ આપતાં કહ્યું કે આ અથડામણમાં

● અનુસંધાન પાન-૭ પર

## સેન્સેક્સમાં ૩૨૬, નિફ્ટીમાં ૮૯ પોઈન્ટનો ઘટાડો નોંધાયો

### મેટલ, ઓઇલ એન્ડ ગેસ, હેલ્થકેર સેક્ટરમાં વેચવાલી : પાવર, રિયાલિટી સૂચકાંકો એક-એક ટકા વધીને બંધ મેટલ, હેલ્થકેર અને આઈટીમાં ૧-૨ ટકાનો ઘટાડો થયો

મુંબઈ, તા.૨૮

મેટલ, ઓઈલ એન્ડ ગેસ, હેલ્થકેર અને આઈટી સેક્ટરમાં વેચવાલીને કારણે મંગળવારે સ્થાનિક શેરબજારો ૦.૫૦ ટકાથી વધુના ઘટાડા સાથે બંધ થયા હતા. બીએસઈ સેન્સેક્સ ૩૨૬.૨૩ પોઈન્ટ્સ અથવા ૦.૫૫% ઘટીને ૫૮,૯૬૨.૧૨ પોઈન્ટ પર બંધ થયો.

એ જ રીતે, એનએસઈ નિફ્ટી ૮૮.૭૫ પોઈન્ટ એટલે કે ૦.૫૧ ટકા ઘટીને ૧૭,૩૦૩.૯૫ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. ક્ષેત્રીય સૂચકાંકોની વાત કરીએ તો, પાવર અને રિયાલિટી સૂચકાંકો એક-એક ટકા વધીને બંધ થયા છે. જ્યારે મેટલ, ઓઈલ એન્ડ ગેસ, હેલ્થકેર અને આઈટીમાં ૧-૨ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

અદાણી ગ્રુપની ફ્લેગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝિસનો શેર મંગળવારે ૧૪.૯૦ ટકાના ઉછાળા સાથે બંધ થયો હતો. અદાણી પોર્ટ્સનો શેર ૫.૧૧ ટકા વધીને બંધ રહ્યો હતો. એ જ રીતે

● અનુસંધાન પાન-૭ પર

## લિયોનેલ મેસ્સીને ફિફાનો સર્વશ્રેષ્ઠ ખેલાડીનો એવોર્ડ

### ફૂટબોલના મહાન ખેલાડીની વધુ એક સિદ્ધિ

નવી દિલ્હી, તા.૨૮

ફૂટબોલ જગતના સૌથી મહાન ખેલાડી તરીકે નામના પ્રાપ્ત



કરેલ અને તાજેતરમાં જ ફૂટબોલ ફીફા વર્લ્ડકપ જીતવાનું સપનું સાકાર કર્યા બાદ 'ધ ગોટ' લિયોનેલ મેસ્સીએ વધુ એક ખિતાબ પોતાના નામે કર્યો છે. લિયોનેલ મેસ્સીને પુરૂષ વર્ગમાં ફીફાના સર્વશ્રેષ્ઠ ખેલાડીનો ખિતાબ મળ્યો છે. જ્યારે મહિલા વર્ગમાં સ્પેનની એલેક્સિયા પુટેલાસે આ સિદ્ધિ પોતાના નામે કરી હતી.

મેસ્સીએ પેરિસના સાલે ખાતે સમારોહ દરમિયાન કહ્યું હતું કે, આટલા લાંબા સંઘર્ષ પછી અને તેની પાછળ જઈને અને આટલા પ્રયત્નો કર્યા બાદ મારા સ્વપ્નને સાકાર કરી શક્યો તે મારા માટે ખૂબ મોટી વાત છે.

ત્રણ ખેલાડીઓને રાષ્ટ્રીય ટીમના કેપ્ટન અને કોચની વૈશ્વિક પેનલ, ફીફા ના ૨૧૧ સભ્ય દેશોમાંથી દરેકમાં પસંદગી પામેલ પત્રકારોને અને ઓનલાઈન ચાહકો દ્વારા વોટિંગમાં શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા હતા. ૩૫ વર્ષીય મેસ્સીએ ફીફા દ્વારા વર્લ્ડ કપના સર્વશ્રેષ્ઠ ખેલાડીને આપવામાં આવતી ગોલ્ડન બોલ ટ્રોફીની રેસમાં એમ્બાપ્પેને હરાવ્યા હતા.

પુટેલાસે યુનાઈટેડ સ્ટેટ્સના એલેક્સ મોર્ગન અને બેથ મીડને હરાવી એવોર્ડ પોતાના નામે કર્યો હતો. જેમણે ૨૦૨૨માં ઈંગ્લેન્ડ યુરોપિયન ચેમ્પિયનશિપ ટાઈટલ અપાવ્યુ હતું. બાર્સિલોનાની પ્લેમેકર પુટેલાસ યુરોના થોડા દિવસો પહેલા જ ઈજાને કારણે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ હોવા છતાં ટોચના ત્રણ ખેલાડીમાં પોતાનું સ્થાન બનાવ્યુ હતું.

## ઈન્દોરમાં આજથી ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રીજી ટેસ્ટ

ઈન્દોર, તા.૨૮

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચાર ટેસ્ટ મેચોની સીરીઝની ત્રીજી મેચ ઈન્દોરના હોલકર સ્ટેડિયમમાં આવતીકાલથી શરુ થશે. ઈન્દોર ટેસ્ટ મેચમાં ભારતીય સ્ટાર ક્રિકેટર વિરાટ કોહલી પર ફેન્સની નજર રહેશે. ક્રિકેટ ફેન્સને વિરાટના સારા પ્રદર્શનની ઉમ્મીદ છે. ઈન્દોર ટેસ્ટમાં વિરાટ કોહલી ટેસ્ટમાં મેળવી શકે છે એવી સિદ્ધિ કે તે દ્રવિડ બાદ બીજો ભારતીય બનશે.

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે આવતીકાલે ત્રીજી ટેસ્ટ મેચ ઈન્દોરમાં શરુ થશે. આ મેચમાં વિરાટ કોહલી એક કેચ પકડતા જ તેના આંતરરાષ્ટ્રીય મેચોમાં કુલ ૩૦૦ કેચની સિદ્ધિ મેળવશે. હાલ વિરાટ કોહલી ૪૯૨ આંતરરાષ્ટ્રીય મેચોમાં કુલ ૨૯૯ કેચ છે. વિરાટ પહેલા માત્ર ૬ ખેલાડી એવા છે જેમણે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ૩૦૦ કેચ પકડ્યા છે. આ લીસ્ટમાં ભારતના રાહુલ દ્રવિડે આ ઉપલબ્ધી મેળવી છે. રાહુલ દ્રવિડના ૩૩૪ આંતરરાષ્ટ્રીય કેચ છે.




## ઓવૈસીના વેવાઈએ માથામાં ગોળી મારતા મોત

હૈદરાબાદ, તા.૨૮

ઓલ ઈંડિયા મઝલિસે ઈત્તેહાલદુલ મુસ્લિમીનના પ્રમુખ અને હૈદરાબાદમાંથી સાંસદ અસદુદ્દીન ઓવૈસીના સંબંધી પોતાની જાતને ગોળી મારી આત્મહત્યા કરી લીધી. મૃતક મઝહરુદ્દીન અલી ખાનની ઉંમર ૬૦ વર્ષ હોવાનું કહેવાય છે. જે વ્યવસાયે ડોક્ટર હતા અને ઓવૈસીને સંબંધમાં દીકરીના સસરા એટલે કે વેવાઈ થાય છે. તેમણે માથામાં ડાબા ભાગે ગોળી મારી હતી. ઘટના બાદ તુરંત તેમને અપોલો હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. હોસ્પિટલના જણાવ્યા અનુસાર, મઝહરુદ્દીનને સોમવારે બે વાગે ઈમરજન્સી વિભાગમાં લાવવામાં આવ્યા હતા. પણ તેમનું મોત થઈ ચુક્યું હતું.

## આતંકવાદની સામે ભારત સરકારે શાનદાર કામ કર્યું છે

### અમેરિકી સરકારના એક રિપોર્ટમાં આ દાવો : ભારતે આતંકવાદી સંગઠનોની ઓળખ, તેમને નષ્ટ કરવા અને તેના ખતરાને ઘટાડવામાં ઘણું સારું કામ કર્યું છે

વોશિંગ્ટન, તા.૨૮

ભારત સરકારે આતંકવાદ સામે શાનદાર કામ કર્યુ છે. અમેરિકી સરકારના એક રિપોર્ટમાં આ દાવો કરવામાં આવ્યો છે. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ભારતે આતંકી સંગઠનોની ઓળખ, તેમને નષ્ટ કરવા અને તેના ખતરાને ઘટાડવામાં ઘણું સારું કામ કર્યુ છે.

અમેરિકાના બ્યુરો ઓફ કાઉન્ટર ટેરરિઝમ દ્વારા 'કંટ્રી રિપોર્ટ્સ ઓન ટેરરિઝમ ૨૦૨૧ના ઈન્ડિયા' રિપોર્ટ અનુસાર કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીર, ઉત્તર પૂર્વી રાજ્યો, મધ્ય ભારતના કેટલાક વિસ્તારો ભારતમાં આતંકવાદથી પ્રભાવિત છે. આ રિપોર્ટ મુજબ લશ્કર-એ-તૈયબા, જૈશ-એ-મોહમ્મદ, હિઝબુલ મુજાહિદીન, આઈએસઆઈએસ, અલ કાયદા, જમાત ઉલ મુજાહિદ્દીન, જમાત ઉલ મુજાહિદ્દીન બાંગ્લાદેશ જેવા આતંકવાદી સંગઠનો સક્રિય છે.

આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યુ હતું કે વર્ષ ૨૦૨૧માં એવું જોવા મળ્યું હતું કે આતંકવાદી સંગઠનોએ પોતાની રણનીતિમાં થોડો ફેરફાર કર્યો છે અને હવે તેઓ સામાન્ય નાગરિકોને નિશાન બનાવીને ડ્રોન અને આઈઈડી વગેરેથી વિસ્ફોટ કરી રહ્યા છે.

આ ઉપરાંત આ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૨૧માં જમ્મુ-કાશ્મીરમાં ૧૫૩ આતંકી હુમલા થયા હતા, જેમાં ૪૫ સુરક્ષા દળોના જવાનો, ૩૬ નાગરિકો અને ૧૯૩ આતંકવાદીઓ સહિત કુલ ૨૭૪ લોકોના મોત થયા હતા. વર્ષ ૨૦૨૧માં ભારતમાં આતંકવાદ પ્રભાવિત વિસ્તારમાં બહુ ફેરફાર થયો નથી.

ભારતે રાજ્ય અને કેન્દ્રીય સ્તરે ગુપ્તચર એજન્સીઓને મજબૂત બનાવી છે.